ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬

# NATOનાં પેચીદાં સમીકરણ : સલામતી જૂથ તરીકે શરૂ થયેલું ગઠબંધન શક્તિશાળી રાષ્ટ્રનો હાથો બની ગયું

જ્યારે માર્ક રટ (Mark Rutte) ગયા અઠવાડિયે દાવોસમાં વૈશ્વિક નેતાઓ સામે ઊભા થયા, ત્યારે તેમના સંદેશમાં NATO (North Atlantic Treaty Organization)ના જનરલ સેક્રેટરી પાસેથી અપેક્ષિત રાજદ્વારી નરમાશ જોવા ન મળી. તેમણે ચેતવણી આપી કે, ‘આપણે જે ખતરાનો સામનો કરી રહ્યા છીએ તે દેખીતો, વાસ્તવિક અને લાંબા સમય સુધી ટકે તેવો છે.’ આ શબ્દોની પાછળ એક એવો પ્રશ્ન છુપાયેલો છે જે બર્લિન વૉલ પડી તે પછી એટલાન્ટિક સંધીને સતાવી રહ્યો છેઃ શું તમે છત તૂટી પડવાની ચિંતા કર્યા વિના ઘરમાં નવા ઓરડા ઉમેરવાનું ચાલુ રાખી શકો?



અહીં આંકડા જ પુરાવો બને છે. ૧૯૪૯માં ૧૨ સ્થાપક સભ્યો હતા. આજે ૩૨ સભ્યો છે. દરેક નવા સભ્યના ઉમેરાને ઉદાર લોકશાહીની જીત તરીકે વધાવી લેવાયો. છતાં આજના સંજોગો શું છે? રશિયન ટેન્કો યુક્રેનના શહેરોને કચડી રહી છે, NATOના સભ્યો દારૂગોળાના સ્ટૉક માટે ઝઘડી રહ્યા છે અને ભારત વૉશિંગ્ટન અને મૉસ્કો વચ્ચે સંતુલન જાળવી રહ્યું છે.

તો ભૂલ ક્યાં થઈ? અથવા કદાચ સવાલ એમ થાય કે, અત્યાર સુધી બધું એટલું સાંગોપાંગ ઉતર્યું કે આપણે મૂળ નિયમો જ ભૂલી ગયા? વ્યૂહાત્મક પ્રલોભનનો અંત અને વિસ્મૃતિની શરૂઆત NATOના શરૂઆતના વિસ્તરણો (૧૯૪૯-૧૯૯૧) કોઈ આદર્શવાદ નહીં, પરંતુ ઠંડા કલેજે કરેલી ગણતરીઓ હતી. એ વખતે ગ્રીસ, તુર્કી કે જર્મનીને જોડવા પાછળનો હેતુ લોકશાહી ફેલાવવાનો નહોતો, પણ ‘ભૂગોળ’ જીતવાનો હતો. (જુઓ બોક્સઃ જ્યારે NATOનું વિસ્તરણ માત્ર ગણતરી હતું).

પરંતુ ૧૯૯૧ પછી વિજયની સાથે વિસ્મૃતિ (Amnesia) પણ આવી. ૧૯૯૦ના દાયકાએ NATOને સંરક્ષણાત્મક ગઠબંધનમાંથી

**૧૯૪૯માં ૧૨ સ્થાપક સભ્યો હતા. આજે ૩૨ સભ્યો છે. દરેક નવા સભ્યના ઉમેરાને ઉદાર લોકશાહીની જીત તરીકે વધાવી લેવાયો. છતાં આજના સંજોગો શું છે? રશિયન ટેન્કો યુક્રેનના શહેરોને કચડી રહી છે, NATOના સભ્યો દારૂગોળાના સ્ટૉક માટે ઝઘડી રહ્યા છે**

એક એવી સંસ્થામાં ફેરવી દીધું જેને તેના સ્થાપકો ભાગ્યે જ ઓળખી શકે. હવે NATO લશ્કરી તર્કને બદલે રાજકીય ગતિથી ચાલતું ‘વિસ્તરણ મશીન’ બની ગયું હતું. પોલેન્ડ, હંગેરી અને ચેક રિપબ્લિકથી લઈને બાલ્ટિક દેશો સુધીના ઉમેરા કાગળ પર આકર્ષક હતા; યુવાન લોકશાહીઓ પશ્ચિમી ગેરંટી માટે આતુર હતી. પરંતુ વાસ્તવિકતા જટિલ હતી. નવા જોડાયેલા દેશોની લશ્કરી ક્ષમતાઓ સાધારણ હતી. એસ્ટોનિયા યુદ્ધના મેદાનમાં લગભગ ૩૫૦ સૈનિકોને જાળવી શકે તેમ હતું. NATOને ઉપયોગી બળ મળ્યું તેના કરતાં વધુ ઝડપથી સભ્યો મળ્યા અને સૌથી મોટું નુકસાન એ થયું કે ગઠબંધને નિર્ણય લેવાની ઝડપ ગુમાવી દીધી.

**રશિયા અને બુખારેસ્ટની ભૂલઃ** પશ્ચિમી નેતાઓએ આગ્રહ રાખ્યો કે વિસ્તરણ મોસ્કોને નિશાન બનાવીને નથી કરાયું, પણ રશિયાએ એ વાત ન માની. NATOનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેન્ટ પીટર્સબર્ગની અંદર લગભગ ૧૫૦ કિલોમીટર જેટલે અંતરે ઘૂસી ગયું. 2008માં બુખારેસ્ટ ખાતે નિર્ણાયક ક્ષણ આવી. NATOએ જાહેર કર્યું કે યુક્રેન અને જ્યોર્જિયા ‘સભ્યો બનશે’, પણ તેમને મેમ્બરશિપ એક્શન પ્લાન (MAP) નહોતા અપાયા. આ બંને માટે સૌથી ખરાબ પરિસ્થિતિ સર્જાઈઃ મોસ્કોને ઉશ્કેરવા માટે પૂરતું મજબૂત વચન, પરંતુ રક્ષણ પૂરું પાડવા માટે સાવ નબળું. પરિણામ? ચાર મહિના પછી રશિયન ટેન્કો જ્યોર્જિયામાં હતી.

## યુક્રેનનો હિસાબઃ જ્યારે બિલ ચૂકવવાનો સમય આવ્યો

૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨એ બે દાયકાના વિસ્તરણથી સર્જાયેલા વિરોધાભાસોને ખુલ્લા કરી દીધા. ફિનલેન્ડ અને સ્વીડનના જોડાણે મોટી ક્ષમતાઓ ઉમેરી, પરંતુ રશિયા સાથે NATOની સરહદ ૧,૩૦૦ કિલોમીટર વધી ગઈ. આર્થિક ખર્ચ પણ તોતિંગ છે. યુરોપ હવે GDPના ૫% સુધી સંરક્ષણ ખર્ચ લઈ જવા મજબૂર છે. આ એવા સમયે આવ્યું છે જ્યારે અર્થતંત્રો ફુગાવો અને દેવા હેઠળ દબાયેલા છે. જર્મની ફરીથી સૈન્યીકરણ શીખી રહ્યું છે અને પોલેન્ડ કોરિયન ટેન્કો પર ભવિષ્ય દાવ પર લગાવી રહ્યું છે. યુક્રેન આ વિરોધાભાસના કેન્દ્રમાં બેઠું છે. મોસ્કોને અકળાવવા પૂરતું પશ્ચિમી, પરંતુ NATOનું

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

રક્ષણ મેળવવા માટે પૂરતું પશ્ચિમી નહીં. ‘ઓપન ડોર’ નીતિએ એક એવું વચન આપ્યું હતું જે ગઠબંધન પરમાણુ યુદ્ધના જોખમ વિના પૂરું કરી શકે તેમ ન હતું. કિવે (Kyiv) તેની કિંમત ચૂકવી.

## દિલ્હીથી દેખાતો નજારોઃ બ્રસેલ્સથી આગળના બોધપાઠ

ભારત માટે, NATOના વિસ્તરણની વાર્તા કોઈ મૉડેલ જેવી ઓછી અને ચેતવણીરૂપ કથા જેવી વધુ લાગે છે. જ્યારે ભારત હિંદ-પ્રશાંત પ્રદેશમાં પોતાની વ્યૂહરચના ઘડે છે, ત્યારે બ્રસેલ્સની ભૂલોમાંથી શીખવાનું ઘણું છે, ખાસ કરીને આ સવાલ કે સુરક્ષા માળખાં કેવી રીતે વધુ પડતા વિસ્તરી જાય અને પોતાના જ ભારને દબાઈ જાય છે. તત્કાલિન અસરો દેખાય છે, સસ્તા રશિયન તેલનો ફાયદો મળ્યો છે, પણ તે કાયમી નથી. વધુ વ્યાપક રીતે જોઈએ તો, યુક્રેન યુદ્ધ સાબિત કરે છે કે પર્યાપ્ત ક્ષમતાઓ વિનાનું વિસ્તરણ શૂન્યાવકાશ પેદા કરે છે. જેમ જેમ ભારત ક્વૉડ (Quad) સહયોગને વધુ ગાઢ બનાવે છે, તેમ તેમ આ બોધ મહત્ત્વના બની જાય છે. ક્વૉડની તાકાત આંશિક રીતે એમાં છે કે તે લશ્કરી ગઠબંધન નથી કે એશિયન NATO નથી. જે સુગમતા અમેરિકન એલાયન્સ મેનેજરોને હતાશ કરે છે તે કદાચ એ જ બાબત છે જે તેને બીજું ‘વધુ પડતું વિસ્તરેલું પ્રતિબદ્ધતાનું માળખું’ બનતા અટકાવે છે. ચીન પણ આ તમાશો જોઈ રહ્યું છે. જો વિશ્વનું સૌથી શક્તિશાળી ગઠબંધન યુક્રેન માટે દારૂગોળાના પુરવઠા પર સંમત થઈ શકતું નથી, તો તે પશ્ચિમી જગતની મર્યાદાઓ છતી કરે છે. બેઈજિંગ માની રહ્યું છે કે અમેરિકન સુરક્ષાના કમિટમેન્ટ તેની ક્ષમતા કરતાં વધી ગયા છે.

## એ દરવાજો જે બંધ નહીં થાય

NATO આ હિસાબમાંથી બચી જશે, પણ ૧૯૯૦ના દાયકાનો વિજયી ઉન્માદ હવે ગયો છે. યુક્રેનનું સભ્યપદ યુદ્ધના મેદાનના પરિણામો પર આધારિત છે. દરવાજો હજુ ખુલ્લો છે, પણ કોઈ બારણે આવકારવા નથી ઊભું. નવી દિલ્હીએ અમુક બાબતો સમજી લેવી પડશે. બહુધ્રુવીય વિશ્વમાં, કઠોરતા કરતાં સુગમતા વધુ સારી છે. પ્રતિબદ્ધતા કરતાં હેજિંગ (બચાવ) વધુ સારો વિકલ્પ છે. NATOનો આગામી અધ્યાય યુક્રેનની ખાઈઓમાં લખાઈ રહ્યો છે. ભારતનો અધ્યાય હજુ અલિખિત છે અને તે, અત્યાર માટે, તેનો સૌથી મોટો ફાયદો હોઈ શકે છે.



### NATOના વિસ્તરણનો ઈતિહાસઃ જ્યારે ગણતરી ‘ભૂગોળ’ હતી, ‘ભાવના’ નહીં

**૧૯૪૯-૧૯૯૧:** ધ આર્ટ ઓફ સ્ટ્રેટેજિક સિડક્શન. NATOના શરૂઆતના દિવસોમાં નવા સભ્યો ઉમેરવા પાછળ કોઈ ઉદારતા નહોતી, પણ પાક્કું લશ્કરી ગણિત હતું.

**તુર્કી (૧૯૫૨):** તુર્કીને જોડવું એ લોકશાહી માટે નહીં, પણ બોસ્ફોરસ (Bosphorus) પર નિયંત્રણ મેળવવા માટે હતું. તેનાથી કાળા સમુદ્રમાં સોવિયેત નૌકાદળને રોકી શકાયું અને દક્ષિણ રશિયાની નજીક એરબેઝ મળ્યા.

**પશ્ચિમ જર્મની (૧૯૯૫):** જે દેશે બે વિશ્વયુદ્ધો કર્યા હતા તેને ફરીથી સેના અપાઈ કારણ કે ગણતરી સ્પષ્ટ હતીઃ જર્મન ટુકડીઓ વિના સોવિયેત દળોને રાઈન નદી સુધી પહોંચતા રોકવા અશક્ય હતા.

**સ્પેન (૧૯૮૨):** ફ્રાન્કોના મૃત્યુ પછી સ્પેન જોડાયું, પણ મુખ્ય હેતુ જિબ્રાલ્ટર પર નિયંત્રણ અને એટલાન્ટિક બંદરોનો હતો જેથી સબમરીન યુદ્ધમાં ફાયદો મળે. આ તમામ નિર્ણયો ‘ઓપરેશનલ સમસ્યાઓ’ ઉકેલવા લેવાયા હતા, વચનો પૂરા કરવા નહીં.

**સ્ત્રોતઃ આ વિલનેષણ ‘નાટો@૬૦:** ધ પોસ્ટ-કોલ્ડ વોર એન્લાર્જમેન્ટ એન્ડ ધ એલાયન્સ ફ્યુચર (IOS પ્રેસ, ૨૦૧૦) ના સંશોધન ડેટા અને વ્યૂહાત્મક સમીક્ષાઓ પર આધારિત છે, ખાસ કરીને ફર્ડિનાન્ડો સાનફેલિસ ડી મોન્ટેફોર્ટે, જસ્ટસ ગ્રેબનર અને બાસ્ટિયન ગિગેરિચના સંશોધનો, તેમજ વર્તમાન ઘટનાક્રમો પર.

### બાય ધી વે

NATOનું પંચોતેર વર્ષનું વિસ્તરણ છેવટે એ બતાવે છે, સુરક્ષાની દુવિધાઓ અદૃશ્ય થતી નથી; તે માત્ર સ્વરૂપ બદલે છે. સોવિયેત સામ્યવાદને હરાવનાર ગઠબંધન હવે રશિયન બદલાની ભાવના (Revanchism) સાથે ઝઝૂમી રહ્યું છે. જે વિસ્તરણે પૂર્વ યુરોપને સ્થિર કર્યું તેણે રશિયાની સરહદોને અસ્થિર કરી. જે ખુલ્લા દ્વાર પશ્ચિમી મૂલ્યોનું પ્રતીક હતા તે મહાસત્તા સંઘર્ષનું કારણ બની ગયા છે.


# ભારત એકલું કેમ પડી ગયું?

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકન પ્રમુખ થયાનાં એક વરસમાં વિશ્વ રાજકારણનું સ્વરૂપ અને સમીકરણો બન્ને બદલી નાખ્યાં. ઘણા લોકોને એટલો મોટો આઘાત પહોંચ્યો છે કે એ આઘાતમાંથી હજુ પણ બહાર નથી નીકળી શક્યા અને એવા લોકોમાં એક આપણા વડા પ્રધાન છે. પણ ટ્રમ્પે પ્રમુખ બનતાની સાથે જ તેવર બદલ્યાં. શરૂઆત અમેરિકામાં ગેરકાયદે વસતા વસાહતીઓને પાછા મોકલવાથી કરી. અમેરિકાનો એ અધિકાર છે. દરેક દેશ આવો અધિકાર ધરાવે છે. ભારત પણ આવો અધિકાર ધરાવે છે. ભારત કોઈ બોડી બામણીનું ખેતર નથી કે કોઈ પણ ઘૂસપેઠ કરી શકે. અમે સત્તામાં આવીશું તો બંગલાદેશીઓને અને અન્ય તમામ વિદેશી ઘૂસપેઠિયાઓને વીણીવીણીને તગેડી મૂકશું એવું દસ વરસ પહેલાં કહેવામાં આવ્યું હતું, પરંતુ હજુ સુધી ઘૂસપેઠિયાઓને લઈને કોઈ બસ સરહદે ગઈ હોય એવું જોવા મળ્યું નથી. ભાઈ, સરહદ પર ચાંપતી નજર રાખવાનું કામ કેન્દ્ર સરકારનું છે કે રાજ્ય સરકારનું? પણ પત્રકારો આવો પ્રશ્ન પૂછશે નહીં, કારણ કે પ્રશ્ન નહીં પૂછવા માટે તેમને પૈસા મળે છે.

ખેર, આપણે વાત અમેરિકાની કરી રહ્યા છીએ. ટ્રમ્પે સત્તામાં આવતાની સાથે જ સપાટો બોલાવ્યો, તેમનું વલણ કાયદેસર હોવા છતાં માનવીય નહોતું.

પછી આવી બીજી એપ્રિલ. ટ્રમ્પે કહ્યું કે કેટલાક દેશો અમેરિકાની ઉદારતાનો લાભ ઉઠાવે છે. આયાતજકાત (ટેરિફ) ના ઊંચા દર રાખીને અમેરિકન આયાતને રોકે છે અને પોતાનો માલ અમેરિકાના નીચા દરનો લાભ લઈને અમેરિકામાં ઠાલવે છે. અને અમેરિકન અર્થતંત્રને નુકસાન પહોંચે છે. ટ્રમ્પનો આ પણ અધિકાર છે, પરંતુ તેમનું અજ્ઞાન અને તેમનું વલણ કોઈ એક જવાબદાર દેશના નેતાને શોભે એવું નહોતું. ભારત પર ૨૫ ટકાનો વધારો કર્યો. તેમણે નવી સ્થિતિમાં અમેરિકા સાથે નવેસરથી વ્યાપાર સમજૂતી કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો હતો.

ભારત પર ટેરિફ વધારવાનો અમેરિકાને અધિકાર છે, પણ ભારતે કોની સાથે ધંધો કરવો જોઈએ અને કોની સાથે નહીં તેનો નિર્ણય લેવાનો કે તેમાં દખલગીરી કરવાનો અધિકાર અમેરિકન પ્રમુખને કોણે આપ્યો? ટ્રમ્પે ભારત પર હજુ વધુ ૨૫ ટકા ટેરિફ દંડ




**ટ્રમ્પનો વિજય થયો ત્યારે નરેન્દ્ર મોદીએ જે હરખ વ્યક્ત કર્યો હતો એ યાદ હશે. તેઓ જીતે એ માટે નરેન્દ્ર મોદીએ પ્રચાર પણ કર્યો હતો અને આવું જગતના ઇતિહાસમાં પહેલીવાર જોવા મળ્યું, પણ ટ્રમ્પે પ્રમુખ બનતાની સાથે જ તેવર બદલ્યાં**

સ્વરૂપે લગાડી છે, કારણ કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદે છે. આવી દાદાગીરી? પણ વિશ્વગુરુએ હજુ સુધી ટ્રમ્પને કહ્યું નથી કે તમે મર્યાદાનું ઉલ્લંઘન કરો છો, ભારત એક સ્વતંત્ર દેશ છે સ્વતંત્રતાનો અર્થ થાય છે પસંદગીનો અધિકાર. અમે ગમે તેની સાથે વેપાર કરીએ તમે રોકનાર કોણ? એની જગ્યાએ અમેરિકાના દબાણમાં આવીને ભારતે રશિયન તેલની આયાતમાં ત્રીજા ભાગનો ઘટાડો કરી નાખ્યો અને છતાંય અમેરિકાને સંતોષ થયો નથી અને હજુ સુધી વેપાર સમજૂતી થઈ નથી. એની વચ્ચે ઓપરેશન સિંદૂરની ઘટના બની, ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરી. ત્રીજા દેશે મધ્યસ્થી કરાવી હોય એવી તો અનેક ઘટના આપણે જાણીએ છીએ પણ ત્રીજો દેશ યુદ્ધવિરામની જાહેરાત કરે? કોણે આવો અધિકાર આપ્યો? અને પછી તેમનું મેં મેં મેં, મેં તેમને કહ્યું કે લડવાનું બંધ કરશો તો અમેરિકા ફાયદો કરાવી આપશે, મેં ભારતનું ધ્યાન દોર્યું કે યુદ્ધમાં ત્રીજો દેશ (ચીન) અપ્રત્યક્ષ રીતે સક્રિય છે અને ડ્રોન દ્વારા ભારતની લશ્કરી હિલચાલની રીઅલ ટાઈમ જાણકારી પાકિસ્તાનને મળી રહી છે વગેરે વગેરે. ટ્રમ્પે અત્યાર સુધીમાં એક ડઝન વાર કહ્યું છે કે મેં યુદ્ધ અટકાવ્યું છે. રાહુલ ગાંધીએ લોકસભામાં પડકાર ફેંક્યો હતો કે વડા પ્રધાન ટ્રમ્પનું નામ લઈને કહે કે ટ્રમ્પ જે કહે છે એ અસત્ય છે. વડા પ્રધાને એ પછી પણ મોઢું ખોલ્યું નથી.

અને છેલ્લો ડામ. ૧૩મી જાન્યુઆરીએ ટ્રમ્પે જાહેરાત કરી જે કોઈ ઈરાન સાથે વેપાર કરશે કે બીજા કોઈ પ્રકારની ભાગીદારી કરશે તેના પર અમેરિકા ૨૫ ટકા ટેરિફ લાદશે. ભારતનો ઈરાન સાથે વેપાર તો બહુ બહોળો નથી (એનું કારણ અમેરિકાનું દબાણ છે, બાકી ઈરાન પાસે પુષ્કળ તેલ છે અને તેનું ૯૦ ટકા તેલ પાણીના ભાવે ચીન આયાત કરે છે, કારણ કે ચીનને અમેરિકાનો ડર નથી. ચીન રશિયન તેલનું પણ મોટું ગ્રાહક છે અને ભારતે રશિયન તેલની આયાતમાં ઘટાડો કર્યા પછી ચીનને હજુ વધુ ફાયદો થયો છે.

ચીન પાકિસ્તાનનું ગ્વાદર બંદર વિકસાવી રહ્યું છે કે જેથી ચીન સીધું ઈરાનના અખાત સુધી વાયા પાકિસ્તાન પહોંચી શકે. ભારત માટે આ ચિંતાની વાત હતી એટલે ભારતે ઈરાનના અખાતને લાગીને આવેલ ચાબહાર બંદર વિકસાવવાનો ફેંસલો કર્યો હતો. ટ્રમ્પની ધમકીના કારણે એ બંદર વિકસાવવાનું શું થશે એ સવાલ છે. ભારતે છ મહિનાની મહોલત માગી છે, બંદર વિકસાવવાનું કામ ધીમું કરી નાખ્યું છે, વેબસાઈટ પરની વિગતો હટાવી દીધી છે વગેરે જોતાં અહીં પણ ભારત કરોડરજ્જુનો પરિચય કરાવી શકશે. જે વિશ્વગુરુ છ વરસથી ઉંહકારો પણ કર્યા વિના ચૂપચાપ ચીનના ડામ ખમે છે અને એક વરસથી અમેરિકાના ડામ ખમે છે એ ચાબહાર બંદર બચાવી શકશે? તાકાત શૌર્યનાં ઢોલનગારા પીટવાથી નથી આવતી. જાગતિક સંબંધોમાં તાકાત બે પ્રકારની હોય છે; એક લશ્કરી અને બીજી આર્થિક. જેની પાસે આ બે પ્રકારની તાકાત હોય એ ધારે તો બીજાને મદદરૂપ થઈ શકે અથવા ધારે તો નુકસાન પહોંચાડી શકે. એક સમયે ભારત પાસે જે કોઈ તાકાત હતી તેનો ઉપયોગ કરીને ભારત પાડોશી દેશોને મદદ કરતું હતું. અત્યારે પાડોશી દેશો ચીનની સોડમાં જતા રહ્યા છે.

નો નોનસેન્સ
રમેશ ઓઝા

વાતનો સાર એ કે વૈશ્વિક દબદબો તો બાજુએ રહ્યો, ભારત એકલું પડી ગયું છે. પાકિસ્તાનને પ્રતિષ્ઠા અને મિત્રો મળી ગયા છે. ટ્રમ્પની ગાઝા ક્લબમાં જોડાઈને પાકિસ્તાને નરેન્દ્ર મોદીને હજુ મોટી વિમાસણમાં મૂકી દીધા છે અને હા, હજુ એક ડેવલપમેન્ટ ક્ષિતિજે આકાર લઈ રહ્યું છે.

ગયા સપ્ટેમ્બરમાં સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી કરાર એમ કહે છે કે બેમાંથી કોઈ દેશ પર કોઈ ત્રીજો દેશ આક્રમણ કરે તો તેને પોતાના પરનું આક્રમણ સમજીને સાથે મળીને લડવું. એમાં હવે તુર્કી જોડાઈ રહ્યું છે. પાકિસ્તાન સાથે ચીન, અરેબિયા અને તુર્કી. ભારત સાથે? કોઈ નહીં. તમે નોંધ્યું હશે કે છેલ્લા કેટલાક સમયથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશનીતિ વિષે બોલવાનું બંધ કરી દીધું છે. કોઈ જગ્યાએ અનુકુળતા નજરે પડતી નથી અને જ્યાં અનુકુળતા હતી એ પણ પ્રતિકુળતામાં ફેરવાઈ ગઈ છે.●

## સિલી પોઈંટ

